અપીલ અરજી નં.૧૩૭ તા.૧૧–૮–૦૯ /૧૦

અરજદારઃ શ્રી રજનીકાંત મંછારામભાઈ પટેલ

સામાવાળાઃ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી,રાંદેરઝોન

## ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રજનીકાંત મંછારામભાઈ પટેલ આઈ ડી. નં.૧૨ તા.૬–૪–૦૯ની અરજીથી ટેના નં.૧૬ડી–૨૫–૧૧૦૧–૦–૦૦૧ થી ૦૪ માં મનહરભાઈ મંછારામનું નામ ચઢાવવામાં આવેલ છે તે નામ કયારે અને કયા આધારે ચઢાવવામાં આવેલ છે તેની માહિતી અને સહી સિકકાવાળી નકલ મેળવવા બાબત.

સંદર્ભઃ– અરજદાર મજકુરની તા.૧૧–૮–૦૯ ની અપીલ અરજી નં.૧૩૭/૦૯–૧૦

ઉપરોકત વિષયના સંદર્ભમાં જણાવવાનું કે શ્રી રજનીકાંત મંછારામભાઈ પટેલ આઈ ડી. નં.૧૨ તા.૭–૪–૦૯ની અરજીથી ટેના નં.૧૬ડી–૨૫–૧૧૦૧–૦–૦૦૧ થી ૦૪ માં મનહરભાઈ મંછારામનું નામ ચઢાવવામાં આવેલ છે તે નામ કયારે અને કયા આધારે ચઢાવવામાં આવેલ છે તેની માહિતી અને સહી સિકકાવાળી નકલ મેળ વવા બાબતે આપના તા.૧૩–૭–૦૯ ના પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં.૨૦૦ થી આપેલ માહિતી અધૂરી અને તદ્દન ખોટી છે તેનાથી સંતોષ થયો નથી તેવું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૧–૮–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ, તથા અરજી ફી ની વિગત, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, જુના રેકર્ડની માહિતી ઉપલબ્ધ નહીં હોવાના સમર્થનમાં તેવા દફતરના વર્ગીકરણ, નિકાલ કે નાશ કર્યાના આધાર સહિતની વિગત, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૩૨ તા.૨૧–૮–૦૯ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી, રાંદેરઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વેસ્ટઝોન/૩૧૮ તા.૯–૯–૦૯થી અત્રેના વિભાગને તે પુરક વિગતો પૂરી પાડેલ છે. જેની સાથે મુળ અરજીની નકલ તા.૧૩–૭–૦૯ ના રોજ પાઠવેલ માહિતિની નકલ, ઈલાખો બીજાને નામે કરી આપતી નોટીસ તા.૮–૪–૯૮ ની નકલ, મં છારામના મૃત્યુનો દાખલો સર્વે નં.૩૭૯ નમુનો ૭ અને ૧૨ ની નકલ, ૩૧–૩–૯૬ ની વેરા રસીદની નકલ તથા નમુના ૬ ની તા.૧૬–૪–૯૬ ની નકલ તથા પુરાવાની નોટીસ તા.૨૦–૪–૯૬ની નકલ રજુ કરેલ છે.

અરજદારનીઆઈ ડી. નં.૧૨ તા.૭–૪–૦૯ની રજીથી ટેના નં.૧૬ડી–૨૫–૧૧૦૧–૦–૦૦૧ થી ૦૪ માં મનહરભાઈ મંછારામનું નામ ચઢાવવામાં આવેલ છે તે નામ કયારે અને કયા આધારે ચઢાવવામાં આવેલ છે તેની માહિતી અને સહી સિકકાવાળી નકલ માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આ. ૨૦૦ તા.૧૩–૭–૦૯થી માહિતી પુરી પાડેલ હોવાનું જણાય છે. જેમાં ટેના નં.૧૬ડી–૨૫–૧૧૦૧–૦–૦૦૧ થી ૦૪ ની મિલ્કતમાં મનહરભાઈ મંછારામભાઈ પટેલનું નામ તા.૨૬–૬–૦૯ ની મંજુરીથી કરપાત્ર વ્યકિત તરીકે ફકત મિલ્કતવેરાની વસુલાતના હેતુસર આકારણીના દફતરે ચઢાવવામાં આવેલ છે. તે સિવાયની માહિતી ઉપલબ્ધ જુના રેકર્ડની ચકાસણી કરતા અત્રે ઉપલબ્ધ નથી એમ જણાવેલ. અરજદારે અપીલ અરજીમાં આપેલ માહિતી અધુરી અને તદન ખોટી છે અને માહિતીથી સંતોષ થયો નથી એમ જણાવેલ. પરંતુ અરજદારે મનહરભાઈ મંછારામ પટેલનું નામ કયા પુરાવાને આધારે ચઢાવવામાં આવેલ છે તેઅંગે વિગત સહી સીકકાવાળી નકલ સહ પૂરી પાડેલ જણાતી નથી. માહિતિના ઈન્કાર માટે જાહેર માહિતી અધિકારી ધ્વારા કલમ ૮,૯ કે ૧૧ હેઠળના કોઈ અપવાદ જણાવેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૭–૪–૦૯ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પુરી પડાયેલ કયા પુરાવાના આધારે નામ ચઢાવવામાં આવેલ છે. તેવી સહી સિકકાવાળી નકલો અપીલમાં રજુ કર્યાનુસારની વિગતે અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે દિન–૭માં અત્રેની જાણ હેઠળ પુરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૯ –૦૯.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન.....જાણ તથા અમલ માટે.

(૨) શ્રી રજનીકાંત મંછારામ પટેલ ,